ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ક્રમાંકઃ એસટીપી–૧૨૨૦૧૨–૨૮૭૪–હ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧ /૧૦/૨૦૧૨

વંચાણે લીધા : (૧) મહેસૂલ વિભાગનોઠરાવ ક્રમાંક : એસટીપી–૧૨૨૦૯–૭૬૯–૧૧–હ.૧, તા.૩૧/૩/૨૦૧૧

(૨) સુપ્રિ.ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૩ /૯/૨૦૧૨ નોપત્રક્રમાંકઃ સ્ટેમ્પ/તાંત્રિક/૭૦/૨૦૧૨/૪૦૬

ઠરાવ :

મહેસુલ વિભાગના સંદર્ભ (૧) પરના તા. ૩૧/૩/૨૦૧૧ ના ઠરાવથી જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ) ૨૦૧૧ સમગ્ર ગુજરાત રાજ્યમાં તા. ૧/૪/૨૦૧૧ થી અમલમાં મુકવામાં આવેલ છે. સદરહુ જંત્રીમાં જાહેર થયેલ ભાવો ખુબજ વધારે કે ઓછા હોવા અંગે રજુઆતો મળેલ હોય તેવા કીસ્સામાં વિસંગતતા હોય તો તેની યોગ્ય રીતે ચકાસણી કરી ઉપરોક્ત તા.૩૧/૩/૨૦૧૧ ના ઠરાવના ફકરા–૩ માં નકકી કરવામાં આવેલ જિલ્લા સમિતિમાં ભાવો મંજુર કરાવી તેની દરખાસ્ત મંજુરી અર્થે સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરિક્ષકશ્રીને પાઠવી તેના ભાવો નકકી કરવા અંગેની સત્તા જીલ્લા મુલ્યાંકન સમિતિને આપવા અંગે જોગવાઈ કરવા સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી, ગુ.રા., ગાંધીનગરના સંદર્ભ(૨) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

જે સંદર્ભે કાળજીપુર્વકની વિચારણા કરીને જંત્રી–૨૦૧૧ માં કોઈ ચોકકસ વિસ્તાર/સરવેનંબર કે મિલ્કતના જંત્રીમાં જાહેર થયેલ ભાવો ખુબજ વધારે કે ઓછા હોવા અંગેની ભાવોની વિસંગતતા હોય તો તેની યોગ્ય રીતે ચકાસણી કરી સંદર્ભ (૧)ના તા.૩૧/૩/૨૦૧૧ ના ઠરાવના ફકરા–૩ માં નકકી કરવામાં આવેલ જિલ્લા સમિતિમાં ભાવો મંજુર કરાવી તેની દરખાસ્ત મંજુરી અર્થે સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરિક્ષકશ્રીને પાઠવી તેના ભાવો નકકી કરવા અંગેની સત્તા જીલ્લા મુલ્યાંકન સમિતિને આપવા ઠરાવવામાં આવે છે.

આ ઉપરાંત મહેસુલ વિભાગના સંદર્ભ (૧) પરના તા. ૩૧/૩/૨૦૧૧ ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે. આ ઠરાવ સરખા ક્રમાંક ફાઈલ પરની નાણા વિભાગની તા.૨૯/૯/૨૦૧૨ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પરિમલ શાહ)
સંયુકત સચિવ
મહેસૂલ વિભાગ

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
માન. મહેસુલ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાધીનગર.
સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નોંધણી સર નિરિક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે નાયબ કલેકટરશ્રીઓ (સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર)
સર્વે સબ રજીસ્ટ્રારશ્રી, નોંધણી ખાતે (સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી મારફત)
સિલેકટ ફાઈલ.